હાર્દિક પટેલ પાછળ ભાજપે પોલીસને કામે લગાડી હોવાનો પાસનો આક્ષેપ

પોલીસે રૂપાલ ગામમાં લાગેલા હાર્દિકના પોસ્ટર-હોર્ડીંગ રાતોરાત ફાડી નાંખ્યા

ગાંધીનગર, તા. ૨૮

એક તરફ સરકાર પાટીદારોને રીઝવવા માટે બેઠકો કરીને વોટ બેંક પાછી લાવવા એડી ચોટીનું જોર લગાવી રહી છે તો બીજી તરફ અનામત મુદ્દે બે દિવસ પહેલા થયેલી બેઠકને હાર્દિક પટેલે પરિણામલક્ષી બેઠક ન હોવાનું કહીને સરકારના શરણે ન થતા હવે ભાજપે હાર્દિક પટેલ પાછળ પોલીસને કામે લગાડી હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. ગાંધીનગર નજીક રૂપાલ ખાતે પલ્લી મેળાની શુભકામના પાઠવતા હાર્દિક પટેલના પોસ્ટર-હોર્ડીંગ્સ પોલિસે રાતો રાત ફાડી નાંખ્યા હોવાના આક્ષેપ સાથે પાટીદારોએ રોષ વ્યકત કર્યો છે.

રૂપાલ ગામના સુપ્રસિધ્ધ પલ્લીમેળાની તૈયારીઓ તંત્ર દ્વારા પુરજોશમાં ચાલી રહી છે ત્યારે રૂપાલ ગામમાં હાર્દિક પટેલના ફોટો સાથેના પોસ્ટર-હોર્ડીંગ્સ લાગતા ભાજપે પોલીસનો ઉપોગ કર્યો હોવાનો આક્ષેપ થયો છે. 'મા વરદાયીની આપ સૌની મનોકામના પુર્ણ કરે'ની શુભેચ્છા સાથેના હોર્ડીંગ્સ ગામમાં લાગ્યા હતા તે રાતોરાત ફાડી નાંખવામાં આવતા પાટીદારોમાં ભારે રોષ ભભુકયો છે. આ હોર્ડીંગ્સ ફાડવા પાછળ પોલીસનો હાથ હોવાનો આક્ષેપ થયો છે તે ઉપરાંત સરપંચ પર પણ પોસ્ટર્સ હટાવી લેવા દબાણ કરવામાં આવ્યું હોવાના આક્ષેપ થતા પાટીદારો લાલઘુમ થયા છે. હાર્દિક પટેલના પોસ્ટર-હોર્ડીંગ્સ ફાડી નાંખવાના પ્રકરણમાં પાટીદારો પોલિસ ફરિયાદ કરે તેવી શકયતા છે.

નવીન શાહ હત્યા કેસમાં ફાયરીંગ કરવા વપરાયેલી એરગન મળી

ગાંધીનગર, તા. ૨૮

હાઈ પ્રોફાઈલ નવીન શાહ અપહરણ અને હત્યા કેસમાં ગાંધીનગર એલસીબીની ટીમે મુખ્ય સુત્રધાર મૌનિક પટેલની ધરપકડ કરી પુછપરછ શરુ કરી છે ત્યારે અપહરણ બાદ ચાલુ ગાડીએ હવામાં કરવામાં આવેલા ફાયરીંગમાં વપરાયેલી મૌનિક પટેલની એરગન પોલિસે જપ્ત કરી લીધી છે. મૌનિક પટેલના હિંમતનગર સ્થિત બેરણા ગામમાં આવેલા ફાર્મ હાઉસમાંથી એર ગન અને એક મોબાઈલ મળી આવ્યો છે. એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહિતની ટીમે મોબાઈલ અને એરગન રીકવર કરી વધુ તપાસ જારી રાખી છે.

નાગર યુવાનો માટે જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

સમગ્ર ગુજરાત નાગર પરિષદ મહામંડળના ઉપક્રમે તા. ૧૭મી ડિસેમ્બરના રોજ નાગર યુવક યુવતીઓ માટે ૨૧મું જીવનસાથી પસંદગી સંમેલનનું આયોજન અમદાવાદમાં કરવામાં આવ્યું છે. અગાઉના સંમેલનો થકી ૮૦૦૦થી વધુ યુગલો લગ્નગ્રંથીથી જોડાયા છે તેમ સંસ્થાના પ્રમુખ નરેશભાઈ રાજા તથા ચેરમેન અરૂણભાઈ દેસાઈએ જણાવ્યું છે. વધુ જાણકારી તેમજ સંપર્ક માટે નરેશ રાજા મો. ૯૯૭૪૦ ૩૪૪૬૬, ૦૭૯-૨૨૧૪૦૬૮૮નો સંપર્ક કરવા જણાવાયું છે.

કોબામાં સરકારી પ્રાથમિક શાળામાં ડિઝીટલ ક્લાસનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૮

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગર નજીકના કોબામાં સરકારી પ્રાથમિક શાળામાં સ્માર્ટ ક્લાસનો પ્રારંભ કરાવતા ગૌરવ સહ જાહેર કર્યું છે કે રાજ્ય સરકારે ૩૩૦૦ જેટલા વર્ગખંડો વર્ચ્યુઅલ-ક્લાસીસ કર્યા છે.

તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તેમના ગુજરાતના મુખ્યમંત્રી પદના કાર્યકાળ દરમ્યાન જ્ઞાનશકિત, જનશકિત, ઊર્જાશકિત, જળશકિત અને રક્ષાશકિતની શકિત પંચામૃત આધારિત વિકાસ કેડી કંડારી છે તેને અનુસરીને બાળપેઢીમાં પ્રારંભિક શિક્ષાથી જ સમયાનુકુલ આધુનિક જ્ઞાન સ્માર્ટ-વર્ચ્યુઅલ કલાસથી આપવામાં ગુજરાત અગ્રેસર રહ્યું છે.

મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, સામાન્ય-ગરીબ વર્ગના બાળકોમાં પણ જે તાકાત-ક્ષમતા પડેલી છે તેને આવા સ્માર્ટ કલાસ અને વર્ચ્યુઅલ વર્ગખંડ એજ્યુકેશનથી વિસ્તારવી છે.

વિજયભાઈ રૂપાણીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈની ડિઝીટલ ઈન્ડીયાની સંકલ્પબધ્ધતાને સાકાર કરીને ૨૧મી સદીના જ્ઞાન અનુરૂપ શિક્ષણ વ્યવસ્થા આ સરકારે કરી છે તેની ભૂમિકા આપી હતી.

રૂ. ૨૫ હજાર કરોડ રૂપિયા સરકારે શિક્ષણ ક્ષેત્ર માટે ફાળવ્યા છે. સરકાર અને સમાજસેવી સંસ્થાઓ, દાતાઓ સાથે મળીને શિક્ષણને શકિતશાળી બાવવાના આયામો હાથ ધરે છે. વિજયભાઈ રૂપાણીએ આ સ્માર્ટ ક્લાસ સખાવતી ઊદ્યોગ ગૃહ દિપ ઈન્ડસ્ટ્રીઝ અને યુવા અનસ્ટોપેબલના સહયોગથી શરૂ થઈ રહ્યો છે તે માટે સમાજ સેવા ભાવનાની સરાહના કરી હતી.

આરોગ્ય કેન્દ્રના ડેટા ઓપરેટરોને કાયમી કરવા માંગણી

ગાંધીનગર, તા. ૨૮

સામુહિક આરોગ્ય કેન્દ્ર તથા સબ જિલ્લા હોસ્પિટલ ખાતે એકાઉન્ટ કમ ડેટા એન્ટ્રી ઓપરેટર તરીકે નિમણુંકો આપેલ છે. જેઓ ૨૦૦૯થી ફરજ બજાવે છે તથા શૈક્ષણિક રીતે કોમર્સની સ્નાતકની ડીગ્રી ધરાવે છે તથા કોમ્પ્યુટરની અને હિસાબી કામગીરી કરે છે.

તેઓ જયાં હેડકલાર્ક તથા સીનીયર કલાર્કની જગ્યા ખાલી હોય તેવી જગ્યાએ વહીવટી કામ કર છે. ઈ-મમતા, એચ.એમ.આઈ.એસ., પી.એફ.એમ.એસ.ને લગતી તમામ ઓનલાઈન કામગીરી તેઓ દ્વારા કરવામાં આવે છે. તો વર્ષોથી પુરી ખંત અને મહેનતથી નિયમિત કામ કરતા ઓપરેટરોએ તેમની કાયમી કરવાની રજુઆત કરેલ છે.

સિનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા રકતદાન શિબિર સંપન્ન

ગાંધીનગર, તા. ૨૮

સિનિયર સિટિઝન કાઉન્સિલ ગાંધીનગર તથા ગાયત્રી પરિવાર દ્વારા રકતદાન શિબિરનો કાર્યક્રમ સંપન્ન થયો હતો. ૨૫ જેટલા વ્યકિતઓએ રકતદાન કર્યું હતું. જેમાં હસામુખભાઈ પટેલ અને અશ્વિનભાઈ અંબાલાલ પટેલે ૨૧મી વાર રકતદાન કર્યું હતું.

શિબિરમાં સિવિલ હોસ્પિટલના ડૉ. નિરવ, લેબોરેટરી ટેકનિશિયન અશ્વિનભાઈ જાની તથા કૃષ્ણાબેન, દિપલબેન, ઈશાબેન દેસાઈ, મેઘ પટેલ, કાઉન્સિલર દશરથભાઈએ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. ગાયત્રી પરિવારના ટ્રસ્ટના ચેરમેન કનુભાઈ ગોહિલ, જશુબેન ઠકકર, દિવ્યાબેન પટેલ, ભારતીબેન પટેલ, મધુબેન પટેલની સેવાઓ મળી હતી.

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલના ભાનુપ્રસાદ પુરાણી, જે.એમ. શાહ, હસમુખભાઈ બી. શાહ, સોમાભાઈ પરમાર, રિસકભાઈ ગાંધી, અક્ષયભાઈ રાણા, સુકેતુભાઈ મહેતા, જયપ્રકાશભાઈ શાહ, મોતીગીરી ગોસ્વામી, એસ.ડી.આર. બી.ડી. શાહ તથા અનિલાબેન રાણા અને દામીનીબેન લાખીયા, દશરથભાઈ પરમારે જહેમત ઉઠાવી હતી.

આજે રાવળ યોગી સમાજ શૈક્ષણિક સંકુલનું ભૂમિપૂજન

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત રાજય રાવળ-યોગી ઉત્તેજક મંડળ સંચાલિત ૨૮૨ ગોળ રાવળ-યોગી સમાજ સૈક્ષણિક સંકુલનું ભૂમિપૂજન તથા સંમેલન તા. ૨૯મી સપ્ટેમ્બરના રોજ સવારે નવ વાગે યોજેલ છે.

ભૂમિપૂજન તથા ખાતમુહુર્ત નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલના હસ્તે રાખેલ છે. ભૂમિપૂજન રાવળ-યોગી સમાજ શૈક્ષણિક સંકુલ રાંધેજા ચાર રસ્તા, રાંધેજા ખાતે યોજેલ છે. આ પ્રસંગે જિલ્લાના રાજકીય તથા સમાજના પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેનાર છે. ખાતમુહુર્ત બાદ સમાજનું સંમેલન યોજાશે તેમ દેવેન્દ્રભાઈ રાવળ-પ્રમુખ અને કરશનભાઈ એસ. રાવળ-મહામંત્રીએ જણાવેલ છે.



ચંદ્રલોકમાં સમૂહઆરતી યોજાઈ

ગાંધીનગરના ગુડા વિસ્તાર વાવોલ ખાતે નવરાત્રીની પરંપરાગત ઉજવણી કરાઈ રહી છે. વાવોલની ચંદ્રલોક સોસાયટી ખાતે નવરાત્રી સમિતિ દ્વારા સમૂહ આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સોસાયટીના શ્રધ્ધાળુ ભાવિકોએ મોટી સંખ્યામાં ભાગ લીધા બાદ રાસ-ગરબાની રમઝટ જમાવી હતી.

ગાંધીનગર ખાતે ઠાકોર અને કોળી વિકાસ નિગમ દ્વારા જાગૃતિ શિબિર-બાળલગ્ન નાબૂદી અભિયાન

ગાંધીનગર, તા. ૨૮

સમાજમાંબાળલગ્નો, કુરિવાજ અને વ્યસનો અટકાવવા શિક્ષણ ખૂબજ જરૂરી છે. શિક્ષિત વ્યકિત જ સમાજમાં હકારાત્મક બદલાવ લાવી શકે તેમ આજે ગાંધીનગર ખાતે ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, યુનિસેફ તથા વિકસતિ જાતિ કલ્યાણના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી જાગૃતિ શિબિર અને બાળલગ્ન નાબૂદી અભિયાન સંમેલનમાં વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરે જણાવ્યું હતું.

નિગમના અધ્યક્ષ નંદાજી ઠાકોરે સમાજના યુવાનોને શિક્ષિત બની સમાજમાં રહેલી બદીઓ-કુરિવાજો-વ્યસનો અને બાળલગ્ન પ્રથા દૂર કરવા ઉપર ભાર મુક્યો હતો. બોર્ડને ૨૦૦૨માં નિગમ બનાવવા બદલ તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો આભાર માનીને નિગમે અત્યાર સુધીમાં સ્વરોજગાર અને ઉચ્ચ અભ્યાસ માટે આપેલી સહાયની માહિતી આપી હતી. ગાંધીનગરના મેયર પ્રવિણભાઈ પટેલે શિક્ષણ ઉપર ભાર મુકીને સમાજને કુરિવાજોથી મુક્ત કરાવવા આહવાન કર્યું હતું.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અગ્ર સચિવ કમલ દયાનીએ કહ્યું હતું કે સમાજ અને વ્યકિતના વિકાસ માટે શિક્ષણ જરૂરી છે. ઠાકોર અને કોળી સમાજ વધુને વધુ શિક્ષિત બને અને આર્થિક પગભર બને તે માટે નિગમમાં અનેકવિધ યોજનાઓ અમલી છે જેનો લાભ લેવો જોઈએ.

ઠાકોર-કોળી વિકાસ નિગમના મેનેજિંગ ડિરેકટર જસવંત ગાંધીએ જણાવ્યું હતું કે ગત વર્ષે શ્રેષ્ઠ કામગીરી બદલ ગુજરાત ઠાકોર-કોળી વિકાસ નિગમને ભારત સરકાર દ્વારા એવોર્ડ આપવામાં આવ્યો હતો. ગુજરાત ઠાકોર કોળી વિકાસ નિગમ દ્વારા છેલ્લા ૫ વર્ષમાં ૯૨૦૦ જેટલા લાભાર્થીઓને અંદાજિત રૂા.૪૫ કરોડની લોન અપાઈ છે. જ્યારે ઉચ્ચ અભ્યાસ માટે ૫૧૦ વિદ્યાર્થીઓને રૂા.૮ કરોડની લોન આપવામા આવી છે. આ પ્રસંગે વિધાનસભાના ઉપાધ્યક્ષ તેમજ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ચેક વિતરણ તેમજ સાધન-સહાય વિતરણ કરવામાં આવ્યું હતું.

સેક્ટર-૨૧માં સુલભ શૌચાલયનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૨૮

સ્વચ્છતા એજ સેવા અંગે તંત્ર દ્વારા ઉજવણી કરવામાં આવી રહી છે પણ ચૂંટાયેલી પાંખના એક પણ સભ્યને તેની ઉજવણીમાં રસ ન હોવાનુ જણાતાં પાટનગરમાં તે ચર્ચાનો મુદ્દો બન્યો છે.

આજે સે. ૨૧ ખાતે પેટ્રોલપંપ નજીક બનાવાયેલ સુલભ શૌચાલયના લોકાર્પણ કાર્યક્રમનું મનપાએ આયોજન કર્યુ હતુ પરંતુ મેયર સિવાય એક પણ કાઉન્સીલર હાજર ન જણાતાં આ વાત વાયુવેગે શહેરમાં પ્રસરી હતી અને લોકોમાં તે ચર્ચાનો મુદ્દો બની હતી.

ગાયત્રી શકિતપીઠને આર.ઓ. પ્લાન્ટની ભેટ

ગાંધીનગરના સેકટર-૧ સ્થિત ગાયત્રી મંદિર શહેરનું સવિખ્યાત ધાર્મિક સ્થળમાંનું એક છે. અહીં દરરોજ મોટી સંખ્યામાં આવતા શ્રધ્ધાળુઓ માટે પીવાનું ચોખ્ખું પાણી મળી રહે તે હેતુથી સ્થાનિક કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા આર.ઓ. પ્લાન્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. નવરાત્રિના પાવન પર્વ પ્રસંગે યોજાયેલ આ લોકાર્પણ પ્રસંગે નગરસેવક ઉપરાંત મંદિરના ટ્રસ્ટના ચેરમેન કનુભાઈ ગોહિલ, પુજારી મહાવીરભાઈ રાજપૂત, મેનેજર રણજીતસિંહ સિસોદિયા તથા વોર્ડ અગ્રણીઓ વસંતભાઈ પરમાર, રાજેશભાઈ પ્રજાપતિ, કનુભાઈ પરમાર, સુશીલભાઈ, રમેશભાઈ ડાભી, વિજયભાઈ ભાવસાર, સુશીલાબેન સોલંકી, મેહુલ સોલંકી, રિતિકા મેણાત, વિરાજ મેણાત તથા વિનોદ મેણાત ઉપસ્થિત રહ્યા હતા.

કુડાસણની એક કન્સ્ટ્રક્શન સાઈટ સામે કાનૂની કાર્યવાહી કરતુ મેલેરિયા તંત્ર

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં વાહકજન્ય રોગચાળાને નાથવા માટે હરકતમાં આવેલ મેલેરિયા તંત્રએ આજે ગાંધીનગર શહેર નજીકની એક કન્સ્ટ્રક્શન સાઈટ સામે કાનૂની કાર્યવાહી કરવાની કામગીરી કરતાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

જિલ્લામાં મચ્છરોની ઉત્પત્તિના કેન્દ્રો અટકાવવા માટે મેલેરિયા તંત્રએ કન્સ્ટ્રક્શન સાઈટના સંચાલકોને બે-બે વાર પત્ર લખી અને જરૂરી પગલાં લેવા માટે જણાવ્યુ હતુ.

આજે તંત્ર દ્વારા સુઘડ પ્રા.આ. કેન્દ્રની હદમાં આવેલી કન્ટ્રક્શન સાઈટો પર સઘન તપાસ સવારથી જ હાથ ધરી હતી. આ તપાસ દરમ્યાન કુડાસણની એક કન્સ્ટ્રક્શન સાઈટ પરથી મચ્છરોના વ્યાપક પ્રમાણમાં બ્રિડીંગ મળી આવતાં તંત્રએ તાડબતોબ આ સાઈટ સામે પગલાં લેવા નિર્ણય લીધો હતો. આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ૭મી એપ્રિલ-૨૦૧૭ના રોજ જારી કરાયેલા જાહેરનામાના ભંગ પોલીસ કાર્યવાહી માટે ફરિયાદ નોંધાવવામાં આવી છે. કન્સ્ટ્રકશન સામે કાર્યવાહી કરવામાં આવતાં બિલ્ડર લોબીમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

આરાધના વિદ્યાવિહાર નિબંધ સ્પર્ધામાં પ્રથમ

રોજગાર વિનિમય કચેરીના ઉપક્રમે કારકિર્દી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં જિલ્લા કક્ષાની નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. આરાધના વિદ્યાવિહારની ધો-૯ની દિશા કમલેશકુમાર ડામોરે પ્રથમ નંબર મેળવ્યો હતો. જિલ્લા શિક્ષણાધિકારી શ્રી બારડના હસ્તે ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આચાર્ય વી.ડી. પટેલ અને કેરીયર કોર્નરની પ્રવૃત્તિ સંભાળતા શિક્ષક કે.કે. પરમારે વિજેતા વિદ્યાર્થીનીને અભિનંદન પાઠવ્યા હતા. શાળાના સંચાલક રમણભાઈ પટેલે પણ વિદ્યાર્થીનીને પ્રોત્સાહિત કરી હતી.

સ્વાઈન ફ્લુ ઉકાળા વિતરણમાં જિલ્લા આયુર્વેદ શાખાની અસરકારક કામગીરી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા આયુર્વેદ શાખા દ્વારા સમગ્ર જિલ્લામાં તા. ૫-૮-૧૭થી સ્વાઈન ફ્લુ પ્રતિરોધક ઉકાળા વિતરણની કામગીરી હાથ ધરવામાં આવી હતી જે અંતર્ગત તા. ૫-૮-૧૭ થી આજ દિન સુધીમાં ૨૬૭ સ્થળોએ પાંચ દિવસ સુધી ૧૭,૩૧,૪૭૬ ઉકાળાપાન કરાવાયેલ હતુ.

જિલ્લામાં આટલા વ્યાપક રીતે ઉકાળા કેમ્પ કરવા માટે જિલ્લા પંચાયતના ૩૦ પૈકી ૨૬ જિલ્લા સદસ્યો દ્વારા મળેલ ઉત્કૃષ્ટ સહકાર અને તેમના લીધે સરપંચોનો પણ સહકાર મળતા ઉપરાંત પતંજલિ યોગ સમિતિ, મધુર ડેરી, ઉમિયામાતા કડવા પાટીદાર સંસ્થા જેવી સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ ઉત્સાહી અને પ્રબુદ્ધ નાગરિકોના સહકારથી જિલ્લાના મહત્તમ સ્થળોએ ઉકાળા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો મહત્તમ નાગરિકોએ લાભ લીધો હતો. દહેગામ તાલુકામાં બંને દવાખાના ચાર્જમાં કાર્યરત હોઈ ઉપરાંત ત્યાંના ત્રણ જિલ્લા પંચાયત સદસ્યોનો સહકાર ના મળતા સંતોષજનક કામગીરી થઈ શકી નથી. પરંતુ ત્યાં પણ અમુક સ્થળોએ સરપંચો અને અગ્રણીઓનો સહકાર મેળવીને આખા ગામોને ઉકાળા પાનમાં આવરી લેવાયેલ છે. ઉકાળા બનાવવાનો ખર્ચ પણ સ્થાનિક સંસ્થાઓ, ગ્રામ પંચાયતો અને નગરપાલિકાઓએ ભોગવેલ છે.

સેવાસેતુ કાર્યક્રમમાં ઋતુસંધિગત રોગો માટે જાગૃતિ આવે અને રોગપ્રતિકારક ઉકાળા વિશે વધુ લોકો જાણે તે માટે જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શનથી ઉકાળા કેમ્પ થઈ રહ્યો છે અને લાભાર્થીઓને આના ફાયદા વિશે અવગત કરાઈ રહ્યા છે.

આ ઉપરાંત અંબાજી પદયાત્રી કેમ્પમાં પણ જિલ્લામાં કુલ ૫ સ્થળોએ ઉકાળા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તા. ૨૫-૮-૧૭ થી ૧-૯-૧૭ સુધી કુલ ૪૩૪૮૮ લોકોએ ઉકાળાપાન કર્યું હતું.

તેમજ જિલ્લા પંચાયત સ્વભંડોળની ગ્રાન્ટમાંથી સ્વાઈન ફ્લુ પ્રતિરોધક આસેનિક આલ્બ-૩૦ પોટેન્સી અત્રેથી ખરીદીને મેડિકલ ઓફિસરો સ્વાઈન ફ્લુ પ્રતિરોધક કામગીરી માટે અપાઈ હતી. તેમાંથી ૭૦ હજારથી વધુ જિલ્લાવાસીઓએ લાભ લીધેલ છે અને કલોલની ૧૧ સરકારી શાળાઓના વિદ્યાર્થીઓને જિલ્લા વિકાસ અધિકારીની મંજુરીથી સીન્ટેક્સ કંપનીને દાતા બનાવી તેમના દ્વારા ઉત્પાદિત આર્સેનિક આલ્બ ૩૦ પોટેન્સી ત્રણ દિવસ માટે આપી આરક્ષિત કરાયેલ છે.

હજુ પણ ઉકાળા વિતરણ ચાલુ છે

દિવાળી સુધીનો સમય ઋતુસંધિ સમય હોવાથી તુસંધિગત રોગો થવાની શક્યતા રહેલી છે જેને પગલે જિલ્લાના તમામ સરકારી આયુર્વેદિક દવાખાનાઓ પરથી નાગરિકોના સ્વાસ્થ્યની જાળવણી માટે રોગમુક્તિકારક આયુર્વેદિક ઉકાળાના વિતરણની કામગીરી ચાલુ છે. આ ઉકાળા વિતરણ દરરોજ સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ અને સાંજે ૪ થી ૬ વાગ્યા દરમ્યાન કરવામાં આવે છે.

ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા નં. ૦૪ સને ૨૦૧૭-૧૮
(ફક્ત વિજળીકરણ કામના ઠેકેદારો માટે)

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નીચે દર્શાવ્યા મુજબના કામ માટે ભાવપત્રકો નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૩, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર. (ટે.નં. ૨૩૨-૫૯૫૧૮) દ્વારા વિજળીકરણને લગતા ૮ (આઠ) કામની અંદાજીત કિંમત રૂ. ૪૯,૯૮૯-૯૫થી રૂ. ૨,૫૬,૨૦૪-૬૮ છે. જેના ઓનલાઈન ભાવ ઠેકેદારશ્રીઓ પાસેથી માંગવામાં આવે છે.

ટેન્ડર દસ્તાવેજો વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૧૨/૧૦/૨૦૧૭, ૧૬.૦૦ કલાક સુધી ડાઉનલોડ તેમજ અપલોડ કરી શકાશે. વધારાની માહિતી અને ઓનલાઈન ટેન્ડર ભરવા માટે ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે. સરકારશ્રીના વખતોવખતના નિયમો ઈજારદારોશ્રીને બંધનકર્તા રહેશે. કોઈપણ એક અથવા બધા જ ટેન્ડરો કોઈપણ જાતના કારણો આપ્યા સિવાય રદ કરવાના આધિકારો આ વિભાગના અબાધિત રહેશે. જો બાનાની રકમ બિડાયેલ નહિ હોયતો ટેન્ડર સ્વીકૃતિને પાત્ર થશે નહિ.

માહિતી/૧૮૪૨/૧૭-૧૮